ધી ન્યુ જર્સી કેમપેન કોન્ટ્રીબ્યુશન્સ એન્ડ એક્સપેન્ડિચર્સ રિપોર્ટિંગ એક્ટ, N.J.S.A. 19:44A-37, આ રાજ્યના મતદારોને ગવર્નર પદ માટે ઉમેદવારો વચ્ચેના તેમના નિર્ણયોમાં મદદ કરવા, ઉમેદવારોને 500 શબ્દોથી વધારે નહીં એવું નિવેદન પૂરું પાડવાની પરવાનગી આપે છે. નીચેના નિવેદનો રજુ થયા છે.

# જેક સિટ્ટારેલી રિપબ્લિકન

આજે, ન્યુ જર્સી બધી ખોટી બાબતોમાં #1 છે.

*રાષ્ટ્રમાં સૌથી ઊંચા મિલકત વેરાઓ
*દેશમાં સૌથી ખરાબ ધંધાકીય વાતાવરણ
*કોઇપણ બીજા રાજ્ય કરતા વધુ લોકો બહાર જઈ રહ્યા છે.

હકીકતમાં, સરેરાસ ન્યુ જર્સીનો નિવાસી તેના જીવન સમયની પ્રક્રિયા દરમિયાન લગભગ 1 મીલીયન ડોલર જેટલી રકમ  કરવેરાઓમાં ચુકવે છે.  કોઇપણ બીજું રાજ્ય આની નજીક પણ નથી..

આ અવ્યવસ્થા પ્રત્યેનો ગવર્નર મર્ફીનો જવાબ ઉદ્ધત રીતે લોકોને એવું કહેવાનો હતો કે : જો કરવેરાના દર તમારી સમસ્યા હોય તો....અમે ઘણું કરીને તમારું રાજ્ય નથી."
તમારું રાજ્ય નથી ? આવું કોણ  કહે છે?!
હું તમને કહીશ – ગોલ્ડ મેન સાચમાંથી સંપર્ક વિનાનો એક વોલ સ્ટ્રીટનો બેંકર જે તેને સમજી શકતો નથી અને તેની પરવાહ ના કરે તેટલો ધનવાન છે.
ફિલ મર્ફી થી અલગ, હું ન્યુ જર્સીમાં જનમ્યો અને મોટો થયો છું. અહીં શાળામાં ગયો હતો, મારી પૂર્વ સ્નાતકની ડીગ્રી મેળવી હતી અને MBAની ડીગ્રી સેટોન હોલ યુનીવર્સીટીમાંથી મેળવી હતી; CPA બન્યો હતો; અને બે સફળ મુખ્ય સ્ટ્રીટનાં વ્યવસાયોનું નિર્માણ કર્યું હતું. સૌથી શ્રેષ્ઠ, મારી પત્ની મેલિંડાએ અને મેં અમારા ચાર બાળકોને અહીં મોટા કર્યા હતા, અમારા ઉનાળાઓ જર્સીના તટ ઉપર વિતાવીને.
હવે, હું ન્યુ જર્સીને વધુ સસ્તું બનાવવાના એક આયોજન સાથે તમારા ગવર્નર બનવા માટે દોડી રહ્યો છું જેથી કરીને યુવાન લોકો અહીં શરૂઆત કરી શકે અને નિવૃત્ત વ્યક્તિઓને અહીં રોકાવું પોષાઈ શકે. મારું આયોજન ન્યુ જર્સીને ધંધા માટે આકર્ષક બનાવશે અને ઉદ્યોગ સાહસિકો ફરીથી નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરશે અને આપણને આપણા પડોશીઓ સાથે આર્થિક રીતે સ્પર્ધાત્મક બનાવશે. છેલ્લે પરંતુ કમ નહીં, હું ગર્વ ભરી રીતે રક્ષણ કરીશ પરંતુ ડીફંડ કરીશ નહીં - આપણી પોલીસ જ્યારે આપણા બહાદૂર માણસો અને કાયદાના અમલમાં રહેલી સ્ત્રીઓ કે જે આપણને સલામત રાખવા માટે દરેક દિવસે તેમની જિંદગીઓ કુરબાન કરે છે તેમની સાથે ઊભી હોય ત્યારે.
જ્યારે તમે આ વર્ષે તમારો મત આપો ત્યારે,  તમારી જાતને એક પ્રશ્ન પૂછજો : ફિલ મર્ફીની અંતિમવાદી નીતિઓનાં ચાર વર્ષ બાદ શું તમે વધુ સમૃદ્ધ બન્યા છો?
ન્યુ જર્સી, અમે વધુ સારું કરી શકીએ છીએ. જ્યારે હું ગવર્નર હોઈશ ત્યારે અમે જરૂરી કરીશું

# ફિલિપ મર્ફી
# ડેમોક્રેટ

ન્યુ જર્સીમાં, આપણે મોટી બાબતો કરવા માટે અને આપણા માર્ગમાં આવતા પડકારોનો સામનો કરવા માટે ટેવાયેલા છીએ. એ બાબતે કોઈ પ્રશ્ન નથી કે ગયા વર્ષે આપણે જેની ક્યારેય કલ્પના નહોતી કરી તેવી રીતોમાં આપણી પરીક્ષા લીધી છે. આપણો હવે પછીનો મોટો પડકાર આપણે અહીંથી ક્યાં જઈએ છીએ તે છે.

જવાબ આપણે જે ઉત્તમ કરીએ છીએ તે કરવાનો છે આગળ વધો. મને ખબર છે કે સાથે મળીને, આપણે એક વધુ મજબૂત અને વધુ સારા ન્યુ જર્સીનું નિર્માણ કરી શકીએ છીએ કે જે દરેક પરિવાર માટે કામ કરે છે.

આપણે પાછલા સાડા ત્રણ વર્ષ દરમિયાન ઘણું બધું સિદ્ધ કર્યું છે.

અમે લઘુતમ વેતનને વધાર્યું હતું જેથી કામદાર પરિવારોએ તેમના માથા નીચે છાપરું રાખવું કે ટેબલ ઉપર ભોજન મૂકવાની વચ્ચે પસંદગી કરવી પડતી નથી.

અમે લાખોપતિઓને તેમનો વાજબી હિસ્સો આપવાનું સુનિશ્ચિત કર્યું જેથી મધ્યમ વર્ગને એક વિરામ મળે.

અમે પ્રિ-કેનો વિસ્તાર કર્યો, શાળાઓમાં ઐતિહાસિક રોકાણ કર્યું અને સફળતા માટે આજીવન માટે દરેક બાળકને જરૂરી શિક્ષણની સુવિધા મળે તે સુનિશ્ચિત કરવા માટે ટ્યુશન મુક્ત સામુદાયિક કોલેજની શરૂઆત કરી હતી.

અમે આરોગ્ય સંભાળનો ખર્ચ ઘટાડ્યો હતો અને અમે સવેતન પારિવારિક રજા વધારી હતી – કામદારો હવે તેમની જરૂરિયાતના સમયે તેમના સ્નેહીજનની સંભાળ લેવા માટે સમયની મુક્તિ લઈ શકે છે.

અગાઉના પ્રસાશન દ્વારા આઠ વર્ષોની ઉપેક્ષા બાદ સ્ત્રીઓના આરોગ્ય અને પ્રજોત્પાદન અધિકારોનું રક્ષણ કરવા માટે અમે આયોજિત પિતૃત્વ માટે નાણાકીય જોગવાઈનું પુન;સ્થાપન કર્યું હતું.

અમે પર્યાવરણ સંબંધિત અન્યાયનું  નિવારણ કરવા માટે  હિંમતભર્યા પગલાઓ લીધા હતા. તમામ નવા જર્સી વાસીઓ સલામત અને ચોખ્ખું પીવાનું પાણી મેળવે તે સુનિશ્ચિત કરીને, આવનારા દસ વર્ષો દરમિયાન રાજ્યમાં દરેક મુખ્ય સેવાની લાઈનને બદલવા માટેના એક માર્ગ ઉપર ન્યુ જસીને મૂક્યું હતું.

ભાડે આપનારાઓ, મકાન માલિકો અને જમીનદારોને મદદ પૂરી પાડીને અને 2,31,000 વિદ્યાર્થીઓ માટે ડીજીટલ વિભાજનને બંધ કરીને, નાના વ્યવસાયોમાં સેકડો મીલીયન્સનું રોકાણ કરીને અમે ન્યુ જર્સીને મહામારી પ્રતિભાવનું એક મોડલ બનાવ્યું હતું. અમે રસીકરણમાં રાષ્ટ્રીય આગેવાન છીએ. અને અમને ખબર છે કે જાહેર આરોગ્ય આર્થિક તંદુરસ્તીનું નિર્માણ કરે છે.

નોકરીની તાલીમમાં પુન:રોકાણ કરીને અને નિર્મળ ઉર્જાના કામોમાં મદદ કરીને, આપણા પર્યાવરણનું રક્ષણ કરવા સાથે અને આબોહવા ફેરફારનો સામનો કરવા સાથે ભવિષ્ય માટે આપણા કામદાર સમુહને તૈયાર કરીને, નવાચાર અર્થતંત્રમાં ન્યુ જર્સીના વિશેષ પ્રભાવને પ્રસ્થાપિત કરવા ઉપર અમે એક નવો ભાર મૂક્યો હતો.

અમે બરાબર રીતે તે કર્યું છે જે અમે દિવસ એકથી કરવા કહ્યું હતું : દરેક વ્યક્તિ માટે ન્યું જર્સીને વધુ મજબૂત અને વધુ સારું બનાવવા માટે લડવું.

એક કામદાર પરિવારમાં મોટો થઈને, મારા માતા-પિતાએ મારામાં જાહેર સેવાના અને પરત આપવાના મૂલ્યો રેડ્યા છે. સખત કામ કરવાની, તમારા પડોશી પાછળ ધરાવવા અને આપણે બધા વધુ સારું કરીએ જ્યારે આપણામાંથી દરેક વધુ સારું કરે તેવી તેમની માન્યતાઓ મને માર્ગદર્શન આપે છે. પરંતુ મુખ્ય બોધ કે જે મેં લીધો હતો તે કેવી રીતે કાર્ય અને સાથે કામ કરવાની બાબત લોકોના જીવનોને કલ્યાણ માટે બદલી શકે છે તે હતો.

આ જ કારણથી મેં ગવર્નર માટે દોડવાનું નક્કી કર્યું હતું, અને આજ કારણથી હું ફરીથી દોડી રહ્યો છું. અમારું કામ પૂર્ણ થયું નથી – અને જ્યારે ન્યુ જર્સી માત્ર ધનવાનો અને સારી રીતે જોડાયેલા માટે જ કામ કરે ત્યારે અમે પાછા જઈ શકીએ નહીં. આપણે લાંબા સમય સુધી ટકી રહેતી અસમાનતાઓ સામે લડવાની જરૂર છે કે જે આ મહામારીએ ખુલ્લી મૂકી દીધી છે અને દરેક વ્યક્તિ માટે એક મજબૂત, ન્યાયિક પૂર્વવત સ્થિતિ સુનિશ્ચિત કરવાની જરૂર છે.

હું તમારો મત મેળવવાની આશા રાખું છું જેથી કરીને આપણે સાથે મળીને આગળ વધી શકીએ અને તે પ્રગતિનું નિર્માણ કરવાનું ચાલુ રાખીએ.

# મેડલિન હોફમેન
# ન્યુ જર્સીની ગ્રીન પાર્ટી

2021માં ગવર્નર માટે ન્યુ જર્સીની ગ્રીન પાર્ટીનાં ઉમેદવાર તરીકે, હું રાજકીય પગલાની સમિતિઓ પાસેથી કોઈ રૂપિયા લઈશ નહીં અને મુખ્ય કોર્પોરેશનો પાસેથી કોઈ રૂપિયા લઈશ નહીં. હું ન્યુ જર્સીની પ્રજા સિવાયના કોઇપણની નૈતિક જવાબદારી હેઠળ રહીશ નહીં!

હું દોડી રહ્યો છું કારણ કે ડેમોક્રેટસ કે રિપબ્લિકન્સનાં વૃદ્ધિવાદ માટે રાહ જોવાનો બિલકુલ સમય નથી. સમસ્યા વિકાસ, આબોહવા ફેરફારની સૌમ્યતા કે ચાલુ રહેલી મહામારી દરમિયાન ખાસ કરીને, ગુણવતાયુક્ત આરોગ્ય સંભાળની સુવિધા તમામ ન્યુ જર્સીના નિવાસીઓને પૂરી પાડતી એકલ પ્રાર્થનાવાળી આરોગ્ય સંભાળની વ્યવસ્થા (સસ્તી આરોગ્ય સંભાળનો કાયદો નહીં) અથવા બેદખલ મોકુફીની પૂર્ણાહૂતી અથવા બેરોજગારીના ફાયદાઓની સમાપ્તિ હોય, ન્યુ જર્સીને એક વાસ્તવિક જૈવ-સામાજિક ગ્રીન નવા વ્યવહારનું ઘડતર કરવા માટે એક ઝડપી અને નિર્ણાયક પગલું લેવાની જરૂર રહે છે. હરિકેન IDA એ આપણને બતાવ્યું હતું કે ન્યુ જર્સીને કેટલે અંશે એક નવા ગ્રીન ડીલની જરૂર છે. ન્યુ જર્સીની ઉર્જાના 50 % ઉર્જા પુન:પ્રાપ્ય ઉર્જામાંથી આવે તે માટે 2030 સુધી રાહ જોવાનો આપણી પાસે સમય નથી. ન્યુ જર્સીની ઉર્જાના 100% ઉર્જા પુન:પ્રાપ્ય ઉર્જામાંથી આવે તે માટે 2050 સુધી રાહ જોવાનો આપણી પાસે ચોક્કસપણે સમય નથી. પહેલાથી જ ઘણું મોડું થઈ ગયું છે!! હવે આપણે ઓઈલ અને ગેસની પાઈપલાઈનો માટે અથવા જીવાશ્મી ઇંધણ બાળતા પાવર પ્લાન્ટસને પરમીટો આપવાનું રોકવું જરૂરી છે.

**આરોગ્ય સંભાળ :** સસ્તી સંભાળના કાયદામાં બાંધછોડ કરવી એ આ રાજ્યની અને આ દેશની આરોગ્ય સંભાળનાં સંકટનો ઉકેલ નથી. ગવર્નર તરીકે, હું સૌ માટે એક જ પ્રાર્થનાવાળી, સુધારેલ અને વિસ્તારેલ તબીબી સંભાળ માટેની હિમાયત કરીશ. મહામારી દરમિયાનના હાલના અનુભવે એ બતાવ્યું હતું કે આપણી આરોગ્ય સંભાળની વ્યવસ્થા કેવી ખામીભરી છે જ્યારે આખા રાષ્ટ્રમાં 14 મીલીયન જેટલા લોકોએ તેમની નોકરીઓ ગુમાવી હતી ત્યારે તેમણે તેમનું આરોગ્ય વીમાનું કવચ ગુમાવ્યું હતું. તેની ગમે તે પીડા માટે ભલે સારવાર કરવામાં આવી રહી હોય તો પણ કોઇપણ વ્યક્તિએ ચિંતા કરવી પડવી જોઈએ નહીં, પછી તે કોવીડ-19, કેન્સર, હાયપરટેન્સન, ડાયાબીટીસ અને બીજી ઘણી બીમારીઓ ભલે હોય. કોઇપણ વ્યક્તિએ એ બાબતે ચિંતા કરવી પડવી જોઈએ નહીં કે તેમની બીમારીઓને દૂર રાખવા માટે તેઓને દવાઓ કે સારવારો પોષાઈ શકે તેમ નથી..

**સામાજિક ન્યાય :** ગાંજાના કાનુનીકરણને પુન:સ્થાપન કરનારા ન્યાય દ્વારા દાયકાઓના ભેદભાવનું નિવારણ કરવામાં મદદ કરવાની અપેક્ષા રાખવામાં આવી હતી, પરંતુ તે તે નિષ્ફળ ગઈ છે. કોઈ અશ્વેત, ઘઉવર્ણા કે મહિલાની માલિકીવાળી કંપનીઓને ડીસ્પેન્સરીઓ તરીકે કે ખેડનારાઓ તરીકે પરવાનાઓ આપવામાં આવેલ નથી. તેના બદલે, NJ એક કેનેડીયન કંપનીની તરફેણ કરે છે. આપણે ન્યુ જર્સીમાં ઘરેલું ઉછેરની અને માલિકીના ઉલ્લંઘનોને આપોઆપ હટાવી દેવાની જરૂર છે. આપણે પોલીસની ક્ષતિપૂર્તિ અને ડીફન્ડીંગ અને ડીમીલીટરીલાઈઝેશનની જરૂર છે. ICE નાબૂદ કરવાની જરૂર છે અને વર્તમાન સંપર્કો હવે સમાપ્ત થઈ ગયા છે.

**શિક્ષણ** : આપણે ચાર્ટર શાળાઓ તરફના ઝોકને ઊલટાવવાની જરૂર છે અને સાર્વજનિક શાળાઓ સુધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આપણે આ અચોક્કસ સમય દરમિયાન દૂરના શિક્ષણને એક વિકલ્પ રાખવો જોઈએ, મહત્વની રેસ થીયરીને શીખવવાનું ચાલુ રાખવું જોઈએ અને શિક્ષણ માટે નાણાકીય જોગવાઈનું પુનર્ગઠન કરવું જોઈએ. ચાલો આપણે કોલેજને ટ્યુશન મુક્ત બનાવીએ અને વિદ્યાર્થીના લોનના દેવાને માફ કરીએ.

hoffmanforgoernor2021@gmail.com www.hoffmanforgovnj.com

# જોએન એસ. કુનિયન્સ્કી
# સમાજવાદી કામદાર પક્ષ

જોએન એસ. કુનિયન્સ્કી એ એક સંગઠનનાં લડવૈયા છે કે જેણે ઓઈલ રીફાઈનરીઓ, રેલમાર્ગો, માંસનાં પેકિંગમાં કામ કર્યું છે. તે હાલમાં વોલમાર્ટની એક ડીલી-વર્કર છે.

સમાજવાદી કામદારોનો પક્ષ અલાબામા કોલસાના ખાણીયાઓથી લઈને નેબીસ્કો કામદારો સુધી હડતાલ કરીને આજના શ્રમિકોની લડાઈઓ સાથે એકતાનું નિર્માણ કરે છે. સખત મહેનતથી મેળવેલા લાભો છોડી દેવાની માંગ કરતા માલિકો તરફથી તેમની જાતનું રક્ષણ કરવાની બાબતનો કામદારો સામનો કરે છે. કુનિયન્સ્કીએ ખાણીયાઓની સહાયક રેલીમાં જોડાવા માટે અલાબામા સુધી મુસાફરી કરી હતી અને તેણીના સાથી કામદારો પાસેથી તેમના હળતાળ ફંડમાં મદદ અને ફાળાનાં સંદેશાઓ મેળવ્યા હતા.

સંગઠનોએ કામદારોને રસી લીધા બાદ કામ ઉપર પાછા જવા માટે દોરવા જોઈએ, આપણી જાતને માલિકોનાં હુમલાઓ સામે લડવા માટેની ઉત્તમ સ્થિતિમાં મૂકીને અને નિર્દયતાનો સામનો કરવા માટે સંગઠનનાં સંઘર્ષો, લડાઈઓ સાથે એકતાનું નિર્માણ કરવા માટે.

લાખો બેરોજગાર લોકો અને વધતા ફુગાવા સાથે, સંગઠનોએ સંઘ કક્ષાના વેતનોમાં, દવાખાનાઓ, શાળાઓ, નિવાસ બાંધવા કે જેની કામદારોને જરૂર છે તેના માટે સમવાયી રીતે નાણા અપાયેલા કામના કાર્યક્રમ માટે લડાઈ કરવાની જરૂર છે. હડતાલોને રોકવા માટે પગારમાં કોઈ કપાત વિના કાર્ય સપ્તાહને ટૂંકો કરવો! દરેક કરારમાં જીવન નિર્વાહના ખર્ચની કાયદાકીય જોગવાઈઓ કે જે દરેક કિંમત વધારાની ભરપાઈ કરવા માટે પગાર અને નિવૃત્તિના લાભોને વધારે છે!

કામદારોએ માલિકોના ડેમોક્રેટિક કે રિપબ્લિકન પક્ષોમાંથી છૂટા થઈને આપણા સંગઠનો ઉપર આધારિત, આપણો પોતાનો એક રાજકીય પક્ષ, બનાવવો જોઈએ. SWPનો હેતુ મૂડીવાદી વર્ગ દ્વારા શોષિત આવા તમામને એક કરવાનો અને તેમના શાસનને સ્થાને કામદારોની અને ખેડૂતોની સરકાર દ્વારા બદલાવવાની જરૂરનો છે. હરિકેન ઈડાનાં પરિણામ સ્વરૂપે થયેલા મૃત્યુઓ મૂડીવાદી શાસનનું અને તેનો બચાવ કરતા તમામ પક્ષોનું એક તહોમતનામું છે. કામદારોને તેમની કારોમાં મિટાવી દેવામાં આવ્યા, ભોયરાવાળા એપાર્ટમેંટસમા ડૂબાડી દેવામાં આવ્યા. હજારોને તેમના માટે ઉપજીવિકા મેળવવા, બેઘર અને વીજળી વિના છોડી દેવામાં આવ્યા હતા. તૈયારીનાં ઘાતક અભાવ અને વિલંબિત સરકારી પ્રતિભાવે “કુદરતી” આપત્તિને એક સામાજિક આફતમાં પલટાવી હતી.

ક્યુબામાં રહેલી સરકાર જીવનના નહીવત નુકશાન સાથે કુદરતની પ્રાણ ઘાતક તાકાતોનો સામનો કરવા માટે કામદારો અને ખેડૂતોને સંગઠિત કરે છે. તે એટલા માટે સંભવ છે કારણ કે કામદારોને તેમના સામ્યવાદી નેતાગીરી દ્વારા એક સમાજવાદી ક્રાંતિ કરવા માટે સંગઠિત કરવામાં આવ્યા હતા – મૂડીવાદીઓ પાસેથી રાજકીય સત્તાને તેમના પોતાના હાથમાં લેવા અને કારખાનાઓ, જમીન અને બેંકો ઉપર અંકુશ મેળવવા માટે, પ્રક્રિયામાં તેમની જાતને રૂપાંતરિત કરીને. મારું અભિયાન તે ઉદાહારણનું અનુકરણ કરતા અને અહીં એક પક્ષનું નિર્માણ

કરતા કે જે લાખો લોકોને સમાજવાદી ક્રાંતિ કરવા દોરે તેના માટે અમેરિકામાં કામ કરતા લોકોની જરૂરીયાતને દર્શાવવાનું છે

તે માર્ગ ઉપર કામ કરતા લોકોએ સ્ત્રીઓની મુક્તિને મેળવવા માટે અનિવાર્ય એવા સલામત અને સુરક્ષિત જન્મ નિયંત્રણ અને ગર્ભપાત સહીત, સ્ત્રીઓના અધિકારો માટે લડત કરવાની જરૂર છે. ગર્ભપાત પસંદ કરવા માટેના અધિકાર ઉપરના વર્તમાન હુમલાઓનો વિરોધ કરો.

કામદાર વર્ગને આપણી પોતાની વિદેશ નીતિની જરૂર રહે છે, આપણે સમગ્ર વિશ્વમાં કામદાર વર્ગ સાથે સામાન્ય વર્ગના હિતોનું આદાન-પ્રદાન કરીએ છીએ. આપણે વોશિંગટનનાં બધા યુદ્ધોનો વિરોધ કરીએ છીએ અને તેના ક્યુબા ઉપરના પ્રતિબંધની અને ઈરાન, વેનેઝુએલાને ઉત્તર કોરીયાના લોકો ઉપર તે જે પ્રતિબંધો લાદે છે તેની તાત્કાલિક સમાપ્તિની માંગ કરીએ છીએ.

SWP યહૂદીઓ માટે આશરા તરીકે ઇઝરાયલનાં બિનશરતી સ્વીકારની માંગ કરે છે. અમે યહૂદીઓ પ્રત્યેના ધિક્કારનો વિરોધ કરવા માટે સંગઠનોને વિનંતી કરીએ છીએ – આગળ વધતા વર્ગના હિતો અને તમામ કામદારોની એકતા અને મહેનત કરતા ખેડૂતો માટે એક ઘાતક જોખમ.

njswpcampaign@gmail.com, 551-240-1512, www.themilitant.com

# ગ્રેગ મેલે
# લિબર્ટેરિયન

ન્યુ જર્સીની અસીમિત બોજારૂપ સરકાર, ગવર્નરના વહીવટી આદેશથી સતા લેવાની સાથે અને તેના અસંખ્ય અને બોજારૂપ ખાતાઓ, ગાર્ડન સ્ટેટમાં જીવનને બિનજરૂરી રીતે દમનકારી બનાવે છે. આ મોટા રાજ્યનાં નાગરીકો ઉપર કરવેરાના બોજને ઘટાડવા માટે દાયકાઓમાં કશું જ કરવામાં આવ્યું નથી. આપણે બે મુખ્ય પક્ષોમાંથી ઉમેદવારોને અજમાવ્યા છે. તેઓ ખાસ હિતો ધરાવતા હતા. ઉપરાંત, શ્રી બ્રાઉનસ્ટેન ખાતરી આપે છે કે લોકડાઉન સ્ટાઈલનાં વહીવટી આદેશોનો દુરુપયોગ થઇ શકે છે અને લઘુમતીઓ અને અવાજ વિનાના લોકોને સાંભળવાની રીત વિનાના મૂકી દેવા માટે નિર્મિત છે. ગવર્નર અને લેફ્ટેનંટ ગવર્નર માટે ફક્ત એક પક્ષ અને એક રાજ્ય છે, આ નવેમ્બરમાં, કે જે સ્ત્રીઓ, લઘુમતિઓ અને આ રાજ્યમાં નહીં સાંભળવામાં આવતા લોકોનાં અધિકારોનું રક્ષણ કરવામાં પાખંડી નહીં હશે. ફક્ત એક ટીકીટ કરવેરાના બોજાઓને ઘટાડવા માટે વચનબદ્ધ છે કે જે કરબોજાઓ યુવા પરિવારો અને નિવૃત્ત વ્યક્તિઓને રાજ્યની બહાર જવા મજબૂર કરે છે, જયારે એક કામ કરતી વહીવટી કચેરીને જાળવી રાખીને. ન્યુ જર્સીનો લીબર્ટેરિયન પક્ષ એ ન્યુ જર્સીમાં ત્રીજો સૌથી મોટો રાજકીય પક્ષ છે. તે એક માત્ર એવો પક્ષ છે જે સરકારના કદ અને સરકારી ખર્ચમાં ઘટાડો કરવાની અને ડ્રગ્સ ઉપરના યુદ્ધોની સમાપ્તિની માંગ કરે છે. જો તમે તમારા રાજ્યના ધારા ઘડનારાઓ દ્વારા અને વહીવટી કચેરી દ્વારા નહીં સાંભળવામાં આવવાના કારણે અને સદૈવ વધતા જતા રાજ્યના બજેટની ગુલામીને લઇ જવાથી અને તમારી ચુકવણીના ચેકમાંથી નાણાઓ સતત છીનવાઈ જવાના કારણે થાક્યા હોવ તો, મેલે/બ્રાઉનસ્ટેનને મત આપો.